GJJN220000992018

सत्य मेव जयते

દાખલ તારીખ : ૦૫–૦૯–૨૦૧૭
નોંધણી તારીખ : ૦૫–૦૯–૨૦૧૭
ફેંસલ તારીખ : ૨૮–૦૭–૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૮ ૧૦ ૨૩

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.વંથલી.**

**ફોજદારી રીવીઝન અરજી નંબર : ૪/૨૦૧૮.**

**આંક**

**મયુર કોટન ઈન્ડસ્ટ્રીઝ, માણાવદરના પાર્ટનર બચુભાઈ સુકાભાઈ આંત્રોલીયા,** — **એપેલન્ટ/ અરજદાર**
ઉ.વ. ૫૪, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,
રહે. મીતડી રોડ, માણાવદર, જી.જુનાગઢ.

**વિરુધ્ધ**

**શ્રી શીવ ઈન્ડસ્ટ્રીઝ નામથી ચાલતી પેઢીના** પ્રોપરાઈટર તથા વહીવટકર્તા તથા કુલમુખત્યાર **રમેશકુમાર ભાણજીભાઈ જાવીયા,** — **રીસ્પોન્ડન્ટ/ સામાવાળા**
ઉ.વ. પુખ્ત, ધંધો–વેપાર,
રહે. પેઢલા, તા.જેતપુર, જી.રાજકોટ.
હાલ–રાજકોટ, રાજપેલેસ, રોયલ પાર્ક,
બ્લોક નં.૨૦૧,શેરી નં. ૬, રાજકોટ, કાલાવાડ રોડ.

**બાબત :** ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટનીકલમ–૧૩૮ ના ગુનાના કામે માણાવદરના જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં દાખલ થયેલ ફો.કે.નં. ૫૮૬/૨૦૦૫ ના કામે

તા.૩૧/૦૭/૨૦૧૭ ના રોજ આપેલ સજાના હુકમ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૯૭, ૩૯૯ મુજબ રીવીઝન અરજી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

એડવોકેટસ : એપેલન્ટ તરફે વિ.વકીલશ્રી ડી.ડી.પાનેરા
રીસ્પોન્ડન્ટ તરફે વિ.વકીલશ્રી બી.એમ. ઝીંઝુવાડીયા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>ઠ રા વ</u>**

(૧) આ કામના એપેલન્ટ/મુળ ફરીયાદીની હાલની આ રીવીઝન અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓએ માણાવદરના જ્યુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં તા.૦૨/૧૨/૨૦૦૫ ના રોજ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ આ કામના રીસ્પોન્ડન્ટ સામે દાખલ કરેલી, જે ફો.કે.નં. ૫૮૬/૨૦૦૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને સદર કેસ ચાલી જતા તા.૩૧/૦૫/૨૦૧૭ ના રોજ ઠરાવ આપી, આ કામના રીસ્પોન્ડન્ટ/સામાવાળા (આરોપી)ને નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કરવામાં આવેલ, રીસ્પોન્ડન્ટ/સામાવાળા (આરોપી)ને ગુના સબબ કોઇ અલાયદો દંડ કરવામાં આવેલ ન હોય અને ખુબ જ ઓછી સજા કરેલ હોય જેથી તે હુકમથી નારાજ થઇ હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે. નીચેની અદાલતે આ કામના સામાવાળા (મુળ આરોપી) સામેનો કેસ માનેલ છે પરંતુ સજા ઓછી કરવાના કોઇ કારણો દર્શાવેલ નથી જેથી પણ સદર હુકમમાં હસ્તક્ષેપ થવા પાત્ર છે. નામ.નીચેની અદાલતના હુકમમાં આરોપીને દંડ ન કરવા માટેના કોઇ કારણ દર્શાવેલ નથી તેથી પણ હુકમમાં ફેરફાર થવા પાત્ર છે. નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં સજાની જોગવાઇથી ઓછી સજા થવા માટેના કોઇ કારણો જણાવેલ નથી. નીચેની અદાલતે મુળ આરોપી (સામાવાળા) સામેનો ગુનો સાબીત માનેલ છે તેમ છતાં માત્ર એક વર્ષની સાદી કેદની સજા કરવા માટે કોઇ સ્પીકીંગ ઓર્ડર કરેલ નથી, નામ.ટ્રાયલ કોર્ટના હુકમમાં સજા નજીવી કરવા માટેના રેકર્ડ ઉપર કોઇ નોંધ લઇ શકાય તેવા કારણો ન હોવા છતા સજા ઓછી કરેલ છે તે હકીકત વિરૂધ્ધ

છે. નામ. ટ્રાયલ કોર્ટે આરોપી પુરાવાથી વર્તણુંક રેકર્ડ ઉપર હોવા છતા સજા ઓછી કરેલ છે. નામ.નીચેની કોર્ટનો હુકમ જોતા ન્યાયના સિધ્ધાંતોનું પાલન થયેલ નથી, ફરીયાદમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરેલ નથી, જેથી નીચેની કોર્ટે માત્ર એક વર્ષની સાદી કેદની સજા કરતો જે હુકમ કરેલ છે તે પ્રથમથી જ ભુલભરેલ છે, જે તમામ હકીકતો ધ્યાને લઈ નીચેની અદાલતે આ કામના રીસ્પોન્ડન્ટ/સામાવાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં બે વર્ષની સખતમાં સખત સજા કરવા તથા ચેકથી ડબલ રકમનો દંડ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) સદર રીવીઝન અરજી અનુસંધાને આ કામના રીસ્પોન્ડન્ટને નોટીસ કરતા તેઓ તેમના વકીલશ્રી ડી.ડી. પાનેરા મારફતે હાજર થયેલ છે. ત્યાર બાદ વંથલી મુકામે એપેલન્ટ કોર્ટ કાર્યરત થતા સદર રીવીઝન અરજી જુનાગઢથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયેલી અને નવા ફોજદારી રીવીઝન અરજી નં. ૪/૨૦૧૮ થી દાખલ થયેલ અને તે અંગે આંક–૧૪ થી રીસ્પોન્ડન્ટને નોટીસ કરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના રીસ્પોન્ડન્ટના વકીલશ્રીને મુદતની જાણ કરવા સારું આંક–૧૫ ની નોટીસ કરવામાં આવેલી જે નોટીસની ધોરણસર બજવણી થયેલ છે. ત્યાર બાદ રીસ્પોન્ડન્ટ તરફે વિ.વકીલશ્રી બી.એમ.ઝીંઝુવાડીયા હાજર થયેલા, પરંતુ ત્યાર બાદ રીસ્પોન્ડન્ટ તરફે કોઈ હાજર રહેલ નથી. ત્યાર બાદ એપેલન્ટના વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવી તથા નીચેની અદાલતનો હુકમ વંચાણે લીધો.

(૩) એપેલન્ટ/અરજદારની રીવીઝન અરજીની વિગતો તથા તકરારી હુકમ ધ્યાને લેતા હાલની રીવીઝન અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

૧. શું માણાવદરના જયુડી.મેજી.ફ.ક.શ્રીના તા.૩૧/૦૫/૨૦૧૭ ના રોજનો તકરારી હુકમ અયોગ્ય અને ગેરકાયદેસરનો હોય તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર છે ?

૨. શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં.

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ.

## <u>-:: નિર્ણયના કારણો ::-</u>

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :</u>**

(૫) આ કામે એપેલન્ટ તરફે તેમના વકીલશ્રીએ તેમની મૌખીક દલીલમાં આંક-૧ ની રીવીઝન અરજીમાં જણાવ્યાં મુજબની દલીલ કરતા જણાવેલ છે કે, નીચેની અદાલતમાં આ કામના રીસ્પોન્ડન્ટ/સામાવાળા સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબનો ફોજદારી કેસ નં. ૫૮૬/૨૦૦૫ દાખલ કરતા તે કામ ચાલી જતા આ કામના રીસ્પોન્ડન્ટ/સામાવાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવેલ છે પરંતુ નીચેની અદાલતે જે સજાનો હુકમ કરેલ છે તે સજા કાયદામાં ઠરાવ્યા મુજબ પુરેપુરી સજા કરેલ નથી તેમજ કોઈ અલાયદો દંડ કરેલ નથી જેથી હાલની આ રીવીઝન અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. નામ.નીચેની અદાલતે આપેલ ઠરાવમાં રીસ્પોન્ડન્ટને ઓછી સજા કરવા તથા અલાયદો દંડ નહી કરવા અંગેના કોઈ કારણો જણાવેલ નથી, જે હકીકત ધ્યાને લઈ આ કામના રીસ્પોન્ડન્ટને સદર કાયદામાં ઠરાવેલ સજા તથા અલગથી દંડ કરવાપાત્ર કેસ હોય નીચેની અદાલતના હુકમમાં તે મુજબનો ફેરફાર કરવા હસ્તક્ષેપ કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે રીસ્પોન્ડન્ટ તથા તેમના વકીલશ્રીને નોટીસ કરવા છતા તેઓ તરફે કોઈ હાજર ન હોય કોઈ દલીલ થયેલ નથી.

(૭) આ કામે નીચેની અદાલતના ફોજદારી કેસ નં. ૫૮૬/૨૦૦૫ ના ઠરાવની ખરીનકલ રજુ થયેલ છે તે વંચાણે લેતા આ કામના મુળ ફરીયાદી એટલે કે હાલના એપેલન્ટ માણાવદર મુકામે કપાસના જીનીંગ તેમજ રુનુ પ્રેસીંગ કરાવી તેનું વેચાણ કરવાનું કામ કરે છે તેમજ કપાસ, કપાસીયા

વિગેરેનો વેપાર કરે છે, જયારે આ કામના રોસ્પોન્ડન્ટ/આરોપી રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના પેઢલા મુકામ કપાસીયામાંથી ઓઈલનું ઉત્પાદન કરવાનો ઉદ્યોગ કરે છે અને તે માટે રીસ્પોન્ડન્ટ/આરોપીને રો–મટીરીયલ તરીકે કપાસીયાની જરૂર પડે છે અને તેની તેઓ ખરીદી કરે છે, આરોપી પેઢલા ઉપરાંત ધોરાજી મુકામે પણ સીસ્ટર કન્સર્ન પેઢી જયંત ઓઈલ મીલ કંપનીના નામે ધરાવે છે. આ કામના રીસ્પોન્ડન્ટને કપાસીયાની ખરીદી કરવી હોય તેઓએ માણાવદરના દલાલ શ્રી પી.સી. પટેલ હસ્તે ચુનીલાલ દલાલ મારફતે ફરીયાદી પાસેથી અલગ અલગ બીલથી કુલ રૂા.૫,૩૯,૯૦૧/– ના કપાસીયાની ખરીદી કરેલી, જેની ચુકવણી માટે આરોપીએ તા.૧/૧૧/૨૦૦૫ ના રોજનો એક ચેક નં. ૨૯૧૨૩ ફરીયાદી જોગ યુનીયન બેન્ક ઓફ ઈન્ડીયા, માણાવદરનો લખી આપેલો, તેમાં શીવ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર નયનાબેન રમેશકુમાર જાવીયા વતિ કુલમુખત્યારનામુ ધારણકર્તા તરીકે આરોપી નં.૨ નાએ સહી કરી આપેલ છે. સદર ચેક આરોપીએ દલાલ શ્રી પી.સી. પટેલ હસ્તે ચુનીભાઈ મારફત તા.૨૧/૧૦/૨૦૦૫ ના રોજ મોકલેલ, જે ફરીયાદીએ તેમના સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર, માણાવદર શાખામાં જમા થવા રજુ કરતા સદર ચેક ફંડ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત આવેલ, જેથી ફરીયાદીએ આરોપીને લીગલ ડીમાન્ડ નોટીસ રજી.એ.ડી. તથા યુ.પી.સી.થી મોકલેલી જે આરોપીને મળી જવા છતા સમય મર્યાદામાં રકમ ચુકવેલ ન હોય જેથી આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરી, સખતમાં સખત કેદની સજા કરવા તથા ચેકની રકમ કરતા ડબલ રકમનો દંડ કરવા અને ચેક પુરતી રકમ ફરીયાદીને અપાવવા દાદ માંગેલી. સદર કેસ ચાલી જતા નીચેની અદાલતે તા.૩૧/૦૫/૨૦૦૭ ના રોજ ઠરાવ જાહેર કરી, હાલના રીસ્પોન્ડન્ટ/સામાવાળા આરોપી નં.૨ ને તકસીરવાન ઠરાવી, ધી નેગો.ઈન્સ્ટુમેટન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે અને આ ગુના સબબ કોઈ અલાયદો દંડ કરવામાં આવતો નથી તથા ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૫,૩૯,૯૦૧/– આ કામના ફરીયાદીને વળતર તરીકે આ હુકમની તારીખથી બે માસમાં ચુકવી આપવા વિકલ્પે અદાલતમાં જમા કરાવવી તેવો

હુકમ કરવામાં આવેલ છે. સદર હુકમથી નારાજ થઈ આ કામના એપેલન્ટ/મુળ ફરીયાદીએ હાલની આ રીવીઝન દાખલ કરેલ છે અને નીચેની અદાલતે આ કામના રીસ્પોન્ડન્ટને કોઈ અલાયદા દંડની સજાનો હુકમ કરેલ ન હોય અને એક વર્ષની સાદી કેદની સજા કરેલ હોય, સદર હુકમમાં હસ્તક્ષેપ કરી, રીસ્પોન્ડન્ટને કાયદામાં ઠરાવેલ પુરેપુરી સજા કરવા તથા દંડ કરવા માંગણી કરેલ છે. આ તબકકે ધી નેગોશેએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લેવી જરૂરી હોય જે નીચે મુજબ છે.

**138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years), or with fine which may extend to twice the amount of the cheque, or with both:

(૮) સદર કાયદાની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે સજાની જોગવાઈ જોતા બે વર્ષ સુધીની કેદની સજા અથવા ચેકની રકમથી બમણી રકમનો દંડ અથવા બંને સજા થઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. નીચેની અદાલતે આ કામના રીસ્પોન્ડન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે અને ગુના સબબ કોઈ અલાયદા દંડનો હુકમ કરવામાં આવેલ નથી તથા ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને વળતર તરીકે બે માસમાં ચુકવી આપવાનો હુકમ કરેલ છે જે હકીકત ધ્યાને લેતા સદર કાયદામાં બે વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ છે ત્યારે નીચેની અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે અને

અલાયદા દંડનો કોઇ હુકમ કરેલ નથી ત્યારે સદર કાયદાની જોગવાઇ જોતા કેદની સજા સાથે દંડનો હુકમ કરવો તે આદેશાત્મક નથી અને કેદ અથવા દંડ અથવા બંને સજા કરી શકાય તેવી જોગવાઇ છે ત્યારે નીચેની અદાલતની મુનસફી પ્રમાણે સજા કરી શકે છે.

(૯) આ કામે નામ.સુપ્રીમ કોર્ટના **૨૦૧૧(૦) એઆઇજેઇએલ–એસસી–૫૦૪૬૧, ક્રિમીનલ અપીલ નં. ૧૯૦૨/૨૦૧૧ ના કામે તા.૧૧/૧૦/૨૦૧૧** ના રોજ આપેલ જજમેન્ટ વંચાણે લેતા તેના પેરા–૯ વંચાણે લેવો જરૂરી હોય જે નીચે મુજબ છે.

9. It is evident from Sub-Section (3) of section 357 of the Code, that where the sentence imposed does not include a fine, that is, where the sentence relates to only imprisonment, the court, when passing judgment, can direct the accused to pay, by way of compensation, such amount as may be specified in the order to the person who has suffered any loss or injury by reason of the act for which the accused person has been so sentenced. The reason for this is obvious. Sub-section (1) of section 357 provides that where the court imposes a sentence of fine or a sentence of which fine forms a part, the Court may direct the fine amount to be applied in the payment to any person of compensation for any loss or injury caused by the offence, when compensation is, in the opinion of the court, recoverable by such person in a Civil Court. Thus, if compensation could be paid from out of the fine, there is no need to award separate compensation. Only where the sentence does not include fine but only imprisonment and the court finds that the person who has suffered any loss or injury by reason of the act of the accused person, requires to be compensated, it is permitted to award compensation under compensation under section 357(3).

આમ, સદર કાયદામાં જણાવેલ સજાની જોગવાઇ તથા નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોકત ચુકાદાના પેરા–૯ માં જણાવેલ કાયદાની હકીકતો ધ્યાને લેતા નીચેની અદાલતે આ કામના રીસ્પોન્ડન્ટને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે પરંતુ કોઇ અલાયદા દંડનો હુકમ કરેલ નથી તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરેલ છે તે જોતા

સદર કાયદાનો હેતુ ચેક મુજબની રકમ મળવા તથા આરોપીને સજા કરવાનો છે અને નીચેની અદાલત ધ્વારા તેમની વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી રીસ્પોન્ડન્ટને અલાયદા દંડનો હુકમ કરવાનું ન્યાયોચીત જણાયેલ ન હોય અને સદર કાયદાનો હેતુ ધ્યાને લઇ કેદની સજા તથા ચેકની રકમ ચુકવી આપવાનો હુકમ કરેલ છે ત્યારે અલગથી કોઇ દંડનો હુકમ કરવો જોઇએ તેવી સદર કાયદામાં કોઇ જોગવાઇ નથી અને ઉપરોકત ચુકાદાની હકીકત ધ્યાને લેતા ગુનાના કારણે નુકશાન અથવા ઈજા થઈ હોય તો વળતર ચુકવવાનો આદેશ કરી શકે છે. આ કામના આરોપીને કેદની સજા તથા ફરીયાદીને ચેક મુજબની રકમ ચુકવી આપવાનો નીચેની અદાલતે હુકમ કરેલ છે  ત્યારે અલાયદા દંડનો હુકમ કરવો જરૂરી જણાય ન હોય જે હકીકત ધ્યાને લેતા નીચેની અદાલતના હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાપાત્ર જણાય આવતુ નથી. જે હકીકત ધ્યાને લેતા મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

(૧) આ કામના એપેલન્ટ/અરજદારની હાલની આ રીવીઝન અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

(૨) માણાવદરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કેસ નં. ૫૮૬/૨૦૦૫ ના કામે તા.૩૧/૦૫/૨૦૧૭ ના રોજ ઠરાવ આપી જે આખરી હુકમ કરેલ છે તેમાં કોઇ હસ્તક્ષેપ કરવાપાત્ર ન હોય સદર હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ લેખીત યાદી સાથે સબંધીત અદાલતને મોકલી આપવી.

હુકમ આજ તા. ૨૮મી, માહે-જુલાઇ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૨૮/૦૭/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**